# શ્રીગુરુમાઈનાં વચનો પર ધ્યાન

## મહાશિવરાત્રિ

## ઈશા સરદેસાઈ દ્વારા લિખિત

### ભગવાન શિવને તેમનું નામ પ્રિય છે

મહાશિવરાત્રિના સત્સંગ દરમ્યાન, આપણે 'ૐ નમઃ શિવાય' મંત્રધૂન ગાઈ. વારંવાર, આપણે ભગવાનના નામનો જપ કર્યો. 'ૐ નમઃ શિવાય.' "હું ભગવાન શિવને નમન કરું છું, જેઓ મંગલમય છે, જેઓ સૌનો આત્મા છે અને અંતરાત્મા પણ છે."

શ્રીગુરુમાઈએ આપણને કહ્યું કે ભગવાનને તેમનું નામ પ્રિય છે, જ્યારે આપણે તેમને તેમના નામથી પોકારીએ છીએ તો તેઓ અત્યંત પ્રસન્ન થાય છે. જ્યારે ગુરુમાઈજીએ આ કહ્યું ત્યારે મને અચાનક એ વાર્તાઓ યાદ આવી ગઈ જે મેં બાળપણમાં વાંચી હતી. પ્રાચીન ભારતના મહાકાવ્યની એ કથાઓ, જેમાંથી ઘણી બધી મૂલતઃ પુરાણો અને અન્ય શાસ્ત્રોમાં લખવામાં આવી હતી. પુરાતન યુગોમાં એવાં લોકોનાં અસંખ્ય વૃત્તાંતો છે, જેઓ દૂરસુદૂર કોઈ પર્વતના શિખર પર જઈને મહિનાઓ અને વર્ષો સુધી તપસ્યા કરતાં હતાં. આવું કરતી વખતે, તેઓ એકાગ્રચિત્ત સાથે તેમના ઇષ્ટદેવના — મોટે ભાગે ભગવાન શિવના — નામનો જપ કરતાં હતાં. આખરે, તેમની તપસ્યાથી પ્રસન્ન થઈને ભગવાન તેમની સમક્ષ પ્રગટ થતા અને તેમને મનોવાંછિત વરદાન પ્રદાન કરતા.

મને આ વાર્તાઓ વાંચવી બહુ ગમતી હતી, તેમ છતાં મારા મનમાં સતત એક પ્રશ્ન રહેતો હતો. મને એવું લાગતું હતું કે ઘણીવાર આ વાર્તાઓનાં પાત્ર ભગવાન શિવને એટલા માટે પ્રાર્થના કરતાં હતાં કારણ કે તેમને શિવજી પાસેથી કંઈક માંગવું હતું. કેટલીકવાર તેઓ એવી વસ્તુ ઇચ્છતા જે ઉમદા અને કલ્યાણકારી હોય જેમકે ધર્મની રક્ષા, માનવતાનું ઉત્થાન. કેટલીકવાર તેઓ મનમાં કોઈ તત્કાલ અને વ્યક્તિગત લાભની ઇચ્છા રાખીને તપસ્યા કરતા. અને *કેટલીકવાર* પ્રાર્થના કરનારી વ્યક્તિ સ્પષ્ટરૂપે લાલચનું પ્રતીક રહેતી; તેની વૃત્તિ પોતાની ધનસંપત્તિ અને સત્તા વધારવાની રહેતી. અસુરો પણ ભગવાન શિવના આશીર્વાદો માટે એટલા જ ઇચ્છુક રહેતા જેટલા કે દેવતાઓ અને પૃથ્વી પર રહેનારાં લોકો. અસુરોનો રાજા રાવણ કે જેનાં અનૈતિક કર્મોનું વર્ણન 'રામાયણ'ની મોટાભાગની કથામાં થયું છે, એવું કહેવાય છે કે તે પણ ભગવાન શિવનો મહાન ભક્ત હતો. તેની અજેય શક્તિ મુખ્યત્વે ભગવાન શિવ માટે તેની કઠોર તપસ્યાનું ફળ હતી.

તેથી હું વિચારતી હતી, "એવું કેવી રીતે થઈ શકે કે ભગવાન — જેઓ સર્વજ્ઞ અને પરમ નિર્લિપ્ત છે — આ *બધી* વ્યક્તિઓને જે માંગે એ વરદાન આપી દે છે, પછી ભલે તે વ્યક્તિ જે કોઈપણ હોય, તેણે જે પણ કર્યું હોય અને તેનો કોઈપણ ઉદ્દેશ્ય કેમ ન હોય? શું આ 'માત્ર' એટલા માટે કારણ કે તેણે ભગવાનના નામનો જપ કર્યો હતો?"

એક વાત જે હું બરાબર સમજી નહોતી રહી, ખાસ કરીને બૌદ્ધિક સ્તર પર તો નહીં જ, તે હતી ભગવાનની કરુણાનું સ્વરૂપ. ભગવાન શિવ દયાળુ છે. તેઓ ભક્તવત્સલ છે. તેઓ આશુતોષ છે એટલે કે સરળતાથી પ્રસન્ન થઈ જાય છે અને એ લોકોની પ્રાર્થના તરત સાંભળે છે જેઓ સાચા દિલથી તેમને પ્રાર્થના કરે છે. જ્યારે આપણે ભગવાનને પોકારીએ છીએ, જ્યારે આપણે તેમના નામનું ઉચ્ચારણ કરીએ છીએ ત્યારે આપણી ત્રુટિઓ ગૌણ થઈ જાય છે. ભગવાન આપણને મળવા જરૂર *આવશે*. તેઓ અંતર-આત્મા છે, આપણા અંતરમાં વિદ્યમાન પરમાત્મા છે. આપણા અંતરમાં વિદ્યમાન આ દિવ્યતાનો અનુભવ કરવા માટે આપણે આપણી ભૂતકાળની દરેક ભૂલોનું પ્રાયશ્ચિત કરવાની જરૂર નથી. આપણે ભગવાનના પ્રેમને યોગ્ય બનવા માટે અત્યારે છીએ તેના કરતાં "વધારે સારા" બનવાની જરૂર નથી. આપણે બસ તેમનું *સ્મરણ કરવાનું* છે. ભગવાન હંમેશાં અહીં છે, *આપણી પાસે* જ છે, આપણી સાથે છે અને તેઓ આપણું મૂલ્યાંકન નથી કરી રહ્યા.

મારા કહેવાનો અર્થ એ નથી કે આપણે આપણાં કર્મો માટે જવાબદાર નથી. હું એ પણ નથી કહી રહી કે આપણે આપણાં જીવનમાં સત્કર્મ કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ, આપણે દયાળુ, ઉદાર અને સંવેદનશીલ બનવાની કોશિશ ન કરવી જોઈએ, આપણે આપણા પૃથ્વીગ્રહ અને તેના નિવાસીઓનું ધ્યાન ન રાખવું જોઈએ. ગુરુમાઈજી આપણને શીખવે છે કે આવું કરવું એ મનુષ્ય તરીકે આપણું કર્તવ્ય છે. શાસ્ત્રોની વાર્તાઓમાં પણ કેટલીક એવી ચેતવણીઓ હોય છે જેને કારણે સંસારમાં ધર્મ જળવાઈ રહે. ભગવાન અસુરને વરદાન આપી શકે છે, પરંતુ જો તે અસુર તેની દુષ્ટતા અને પાપ — તેની લાલચ, તેના અહંકાર — પર અંકુશ નથી રાખતો તો પછી તેનો અંત નિશ્ચિત છે.

વાત એમ છે કે ભગવાનની કરુણા — અને તે કરુણાનો અનુભવ કરવાની આપણી ક્ષમતા — એક એવા સ્તર પર છે જે સાચા અને ખોટાથી પરે છે. તદુપરાંત, શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે ભગવાનનું નામ સહજ રૂપે શુદ્ધિકારક છે. તેમના નામનો જપ કરવો એ સ્વયં એક પુણ્યકર્મ છે — જે માંગલ્યની રચના કરે છે અને તેને વધારે છે. 'શિવપુરાણ'માં આખાને આખા અધ્યાયો છે જેમાં ભગવાન શિવના નામનો મહિમાગાન કરવામાં આવ્યો છે. સૂત ઋષિ, જેઓ આમાંથી એક અધ્યાયનું વર્ણન કરે છે, તેઓ એ ઘોષણા પણ કરે છે, "ભગવાન શિવના નામમાં પાપોનો નાશ કરવાની શક્તિ, લોકોની પાપ કરવાની ક્ષમતા કરતાં ઘણી વધારે છે." તેઓ વર્ણન કરે છે કે ભગવાનનું નામ પાપોને કાપનારી "કુહાડી" છે, તે "પાપોના ઉગ્ર અગ્નિથી દાઝેલાં" લોકોને શીતળતા અને શાંતિ પ્રદાન કરનારું "અમૃત" છે અને "મોક્ષ"નું સાધન છે.[૧]

મહાશિવરાત્રિના સત્સંગમાં, ગુરુમાઈજીએ બસ એટલું જ કહ્યું કે ભગવાનને તેમનું નામ પ્રિય છે અને જ્યારે આપણે તેમને પોકારીએ છીએ ત્યારે તેઓ પ્રસન્ન થાય છે. મારા માટે, આ મધુર અને રોચક વાક્યે મનનચિંતન

માટે ઘણા બધા માર્ગો પ્રકાશિત કરી દીધાં છે. ઘણા બધા વિચારો છે જેના પર મનન કરી શકાય છે. આ શિખામણની સાથે ઘણાં બધાં પાસાંઓ જોડાયેલાં છે જેનું હજી વધારે અન્વેષણ કરી શકાય છે.

એટલા માટે, હું વિચારી રહી છું : જો તમને આ શિખામણ પર મનનચિંતન કરવાનો અવસર મળ્યો હોય તો તમારા માટે શું ઊભરીને આવ્યું? જ્યારે તમે સાંભળો છો કે ભગવાન શિવને તેમનું નામ પ્રિય છે તો તમારા મનમાં શું વિચાર આવે છે?

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

---

[૧] શિવપુરાણ : ભાગ ૧; જે. એલ. શાસ્ત્રી દ્વારા સંપાદિત (દિલ્હી : મોતીલાલ બનારસીદાસ, ૧૯૫૦), અધ્યાય ૨૩, પૃષ્ઠ ૧૫૨.